

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*વલ્લભભાઈ પટેલને સાવ પડાવી લીધા!*
*સુભાષ પ્રત્યે બતાવી લાગણી રડાવી દીધા!*
*લડાવી દીધા પક્ષોને 'જયશ્રી રામ' ને નારે -*
*'પરાક્રમ' કરી દીદીને ધંધે ચડાવી દીધાં!*

હાઈકુ

*પડી ગઈ છે,*
*હવે બંગાળે પણ -*
*દુપ્લે ની કોઠી*
*(ઈસ્ટ ઈન્ડિયા કંપની?!)*

*કાંકરી ચાળો?!*
*તુમ મુઝે સત્તા દો -*
*મૈં ખૂન દુંગા !*
*(સત્તા-સંગ્રામ)*

### ચિંતન

**ય ઈહ મનુષ્યાણાં મહત્તાં પ્રાપ્નુવન્તિ,**
**ધ્યાનાપાદાશં ઈવૈવ તે ભવન્તિ ।**

**ઉપરોક્ત શ્લોક તૈતરિય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.**

**મનુષ્ય ને જે કોઈ વિષયમાં યશ મળ્યો તે ધ્યાનને કારણે મળ્યો. વૈજ્ઞાનિકનું ચિત્ત તેની શોધમાં એકાગ્ર થઈ જાય છે તે પણ ધ્યાન છે. પરંતુ તે સાલંબન, આલંબન સહિતનું ધ્યાન છે. તેને વિજ્ઞાન-ચિંતનનું આલંબન છે. શાંત બેસવા માત્રથી ચિત્ત એકાગ્ર નથી થતું. એકાગ્રતા માટે આલંબન જોઈએ.**

**આપણું ધ્યાન નિરાલંબ ધ્યાન છે. વૈજ્ઞાનિકના ધ્યાનનો વિષય સારો છે. વ્યભિચારી ના ધ્યાનનો વિષય ખરાબ છે. જે વાત ધ્યાનથી, તે જ વાત નિંદ્રાની. સૂવા જઈએ ને સ્વપ્નો આવે. ચિત્તમાં જે વિકાર આવે છે તે ઊંઘમાં પણ માથું ઊંચકે છે. અને તેથી નિંદ્રામાં ચિત્ત જયાં ત્યાં ભટકે છે. તો સ્વપ્નની પણ પરીક્ષા કરવી જોઈએ. સ્વપ્ન આપણા કાબુમાં રહેવા જોઈએ. ધ્યાનમાં ચિત્ત પર કાબૂ રહ્યો, ચિત્ત વશમાં રહ્યું તો ધીરે ધીરે સ્વપ્ન પણ કાબૂ રહેશે.**

### સુવિચાર

- અદાલતે ચડવું એટલે બે જણાએ ભેગા થઈ પોતાને પૈસે બીજાઓને તાપવા માટે જાતે બળી મરવા માટે તાપણું કરવું **- બોધિ વૃક્ષ**
- લક્ષ્મી ને ધનમાં ફરક શો છે? લક્ષ્મી સત્કાર્યમાં વાપરી શકાય છે. ધનને ભેગું કરી શકાય છે **- જીવન પાથેય**
- માણસ પૈસા બચાવે એ જરૂરી છે પણ એ જ પૈસાથી માણસ, માણસને બચાવે એ વિશેષ છે **- એસ. ભટ્ટાચાર્ય**
- સેવાથી અંદરનો આત્મા રોશન થાય છે **- શેખ સાદી**
- સમય એક બુઠ્ઠો ન્યાયાધીશ છે જે બધા અપરાધીઓની પરીક્ષા કરે છે **- શેક્સપિયર**
- માનવીએ પ્રભુ પર એટલી શ્રધ્ધા રાખવી જોઈએ કે જેથી તેને જગતની સહાનુભૂતિની જરૂર ન પડે **- ઈસુ ખ્રિસ્ત**
- આજનું ઔષધ : જાંબુના ઠળિયાનો પાઉડર દહીં સાથે લેવાથી પથરી નીકળી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક બૌદ્ધ ભિક્ષુણી પાસે બુદ્ધની સોનાની બનેલી સુંદર મૂર્તિ હતી. પ્રવાસ દરમિયાન તે ચીનના એક બુદ્ધ મંદિરમાં રોકાઈ હતી. એ મંદિરમાં બુદ્ધની હજાર જેટી પ્રતિમાઓ હતી. બુદ્ધની અલગ અલગ હજાર મુદ્રાઓ ને અહીંયા પ્રતિમામાં કંડારીને સ્થાપિત કરવામાં આવેલી હતી.


ભિક્ષુણી રોજ સવારે સોનાના બુદ્ધની જ પૂજા અર્ચના કરતી. પણ એક મુસીબત ઊભી થઈ. એ મૂર્તિ માટે જે અગરબત્તી સળગાવતી, હવા આપતી અને અગરબત્તીની સુગંધ અન્ય મૂર્તિઓ તરફ લઈ જતી. એના પ્રાણપ્રિય બુદ્ધ આ સુગંધથી વંચિત રહી જતા. એણે એક ઉપાય શોધ્યો. મૂર્તિના નાક અને અગરબત્તી વચ્ચે એક વાંસની ભૂંગળી ગોઠવી દીધી. હવે એ રાજી થઈ કારણ કે તમામ સુગંધ પોતાના બુદ્ધને જ મળી રહી હતી... પણ આમ કરતા એક નવી મુસીબત આવી. થોડા દિવસોમાં બુદ્ધનો ચહેરો કાળો પડી ગયો. તેણે પૂજારીને કારણ પૂછ્યું. પૂજારીએ હસતાં હસતાં જવાબ આપ્યો, 'મૂરખ, અહીં બધા બુદ્ધ જ છે. આ તમામ બુદ્ધની જ મૂર્તિઓ છે. પણ તારી 'તારા બુદ્ધ' પ્રત્યેની આસક્તિએ એમનું મોં કાળું કરી દીધું છે. પ્રેમમાં રાગ કે આસક્તિ હોય તો આવું જ થાય. પ્રેમ બિનશરતી હોય, અનાસક્ત હોય તો એ પ્રાર્થના બની જાય છે.'

# રાજકીય પાર્ટીઓ યોગ્ય ઉમેદવારોની શોધમાં

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાતમાંથી કોંગ્રેસને નેસ્તનાબૂદ કરી દેવાના મજબૂત ઈરાદા સાથે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ વિવિધ સ્થળો પર પેજપ્રમુખો સાથે સંલગ્ન કરી રહ્યા છે. આ 'પેજ પ્રમુખ' મૂળે તો પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની શોધ છે. પરંતુ તે ગત લોકસભાની ચૂંટણીથી લઈ વિધાનસભાની પેટા ચૂંટણીમાં ખૂબ જ કારગત સાબિત થઈ હોઈ એનો વર્તમાન પ્રદેશ પ્રમુખ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણીઓમાં ભરપૂર ઉપયોગ કરવા માગે છે. વિધાનસભા વિરોધ પક્ષના નેતાએ પેજ પ્રમુખ માટે અણુબોમ્બ શબ્દનો પ્રયોગ કર્યો છે. અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે એનો બરાબર વિનિયોગ કરી અમદાવાદ મહાનગર પાલિકાથી લઈ તમામ કોર્પોરેશન, નગરપાલિકાઓ અને જિલ્લા - તાલુકા પંચાયતો પર ભગવો લહેરાવવાનો સંકલ્પ કર્યો છે. ભાજપ છેલ્લી બે લોકસભાની ચૂંટણીઓમાં તમામ બેઠકો જીતીને એનું વજૂદ સાબિત કરી ચૂકેલ છે. કોંગ્રેસ છેલ્લી વિધાનસભાની ચૂંટણી વખતે સત્તાની નજીક પહોંચી જાય એટલી ક્ષમતા સાથે મેદાનમાં ઉતરી હતી અને જો શંકરસિંહ વાઘેલા જેવા વરિષ્ઠ નેતાને અવગણ્યા ન હોત તો કદાચ સત્તા હાંસલ કરી શકી હોત. પરંતુ 'ધૂમકેતુ' ની જાણીતી વાર્તા 'વિનિયોગ' નો નાયક સોમેશ્વર પંડિત ડભોઈની હીરાભાગોળમાં શિલ્પોની દુર્દશા તથા મહાજનની મનોદશા જોઈ બોલે છે એ કથન કોંગ્રેસને અદલ લાગુ પડે એવું છે. 'પડે છે ત્યારે સઘળું પડે એછે!' કોંગ્રેસ આવા ઘોર વિનિપાતમાંથી ઉગરવા હવાતિયાં જરૂર મારી રહી છે અને આ મિનિ - વિધાનસભા જેવી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ એને માટે જીવતદાન સ્વરુપ બની શકે એમ છે. પરંતુ એ માટે જરૂરી સંકલ્પ શક્તિ અને સંગઠનબળ બેઉનો કોંગ્રેસમાં અભાવ છે. કેન્દ્રીય નેતૃત્વનાં ઠેકાણાં નથી. પાર્ટી સ્પષ્ટ રીતે એની સૌથી નીચલી અને દયનીય સપાટીએ પહોંચી ગઈ છે. સાચી વાત કહેનારને 'સાઈડલાઈન' કરી દેવાય છે. આવા સંજોગોમાં ગુજરાતના ખમતીધર ભાજપ પ્રમુખ માટે આકડે મધ જેવી પરિસ્થિતિ સરજાઈ છે. અલબત્ત, ખેડૂત આંદોલનની પ્રતિકૂળ અસરો ઊભા થાય તો ગ્રામીણ સ્તરે ફરી એકવાર મતદારો ભાજપથી વિમુખ થઈ કોંગ્રેસ તરફ વળી શકે એમ છે. આવી દહેશત ઉપરાંત ભાજપની ટિકિટ પર ચૂંટણી લડવાની મહેચ્છા રાખનારા ટિકિટ વાંચ્છુ જેવી ઉમેદવારો અંદરોઅંદર લડી ઝઘડી ભાજપ વિરુદ્ધ ભાજપ જેવી પરિસ્થિતિ સરજે, એવી સંભાવના પણ નકારી શકાય એમ નથી. કયારેક કોંગ્રેસના જ આગેવાનો એવું કહેતા કે કોંગ્રેસને ફક્ત કોંગ્રેસને ફક્ત કોંગ્રેસ જ હરાવી શકે, બીજું કોઈ જ નહીં. આંતરિક જૂઠવાદનો એરુ લાંબા સમયથી સત્તા ભોગવતી ભારતીય જનતા પાર્ટીને પણ ડંખી શકે છે. ભાજપ માટે શહેરી વિસ્તારોમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારો મુશ્કેલી સરજી શકે તો કોંગ્રેસ માટે ઓવૈસીની મુસ્લિમ પરસ્ત પાર્ટી અમદાવાદ પૂર્વની એની નિશ્ચિત બેઠકોને જોખમમાં મૂકી શકે. ઓવૈસી અને ભારતીય ટ્રાઈબલ પાર્ટી (બીપીટી) ની સાંઠગાંઠ કોંગ્રેસની પ્રસ્થાપિત વોટબેંક માટે ખતરાની ઘંટડી સમાન છે. કોંગ્રેસ એના ઉમેદવારો પાસે ચૂંટાયા પછી પાટલી નહીં બદલવાનાં સોગંધનામાં કરાવવાનો આગ્રહ રાખી રહી છે તે સૂચક છે. કોઈ પણ રાજકીય પાર્ટી માટે પોતાના જ ઉમેદવારો પર શંકા રાખવી તે શરમજનક બાબત જ ગણાય. ભારતીય જનતા પાર્ટી એના સમર્પણનિધિ ઉપરાંત ટિકિટવાચ્છુંઓ રામમંદિર માટે પણ ફાળો આપે એવી અપેક્ષા રાખે છે. આમ રામજન્મભૂમિનો હિંદુત્વ બ્રાન્ડ મુદ્દો ભાજપ માટે આ ચૂંટણીઓમાં પણ બ્રહ્માસ્ત્રની જેમ વાપરવા કટિબદ્ધ છે. નવા સીમાંકનોને કારણે ઘણા જૂના ઉમેદવારો આપોઆપ બાકાત થવાના છે. બેઉ પાર્ટીઓ યુવાનો અને મહિલાઓને અગ્રતા આપી પોતાનું બળ વધારવા માગે છે. આખરે આ પણ એક સંગ્રામ છે, જેમાં હારજીતની બાજી મતદારોના હાથમાં રહેશે.

# મહાત્મા ગાંધીજી - પોતાના વિશે



(૧) મારી પાસે કોઈ સંપત્તિ નથી અને છતાં મને લાગે ઓછે કે હું વિશ્વનો શ્રેષ્ઠ ધનિક છું. મને મારા પોતાના માટે, કે મારા જાહેર જીવન માટે કોઈ જરૂરિયાત રહેતી નથી. ઈશ્વરે મને યોગ્ય સમયે નિયમિત રીતે અને ચોક્કસ પણે સહાય કરી છે.

(૨) આ મારી ભૌતિક સંપત્તિ છે - રેંટિયો, જેલની થાળીઓ, બકરીના દૂધનું કેન, હાથવણાટના છ કપડાં અને ટુવાલ.

(૩) મને મારા ભવિષ્યની પરવા નથી. હું માત્ર વર્તમાનની કાળજી લઉં, તેની સાથે મારે સંબંધ છે. હવે પછી આવનારી ક્ષણો ઉપરનો અધિકાર ઈશ્વરે મને આપ્યો નથી.

(૪) પ્રાર્થનાએ જ મારું જીવન સાચવ્યું છે. જાહેર જીવનમાં કે ખાનગી જીવનમાં હું સૌથી વધુ કડવા અનુભવોમાંથી પસાર થાઉં ત્યારે હું કામચલાઉ રીતે નિરાશામાં ફેંકાઈ જાયું છું, ત્યારે માત્ર પ્રાર્થનાને કારણે આ નિરાશામાંથી બહાર આવી જાઉં છું. રાજકીય ક્ષેત્રે ભલે ગમે તમે એટલી પ્રતિકૂળતાઓ આવી પડે, તો પણ હું શાન્તિ જાળવી શકું છું. આ પ્રાર્થનાને કારણે હોય છે.

(૫) મતભેદનો અર્થ વિદ્વેષ, બિલકુલ હોવો ન જોઈએ માટે જ જો હોત, તો હું અને મારા પત્ની એકબીજાના કટ્ટર શત્રુઓ હોત. આ દુનિયામાં મતભેદ ન હોય, એવી કોઈ બે વ્યક્તિઓ મારી જાણમાં નથી. હું તો ગીતાનો અનુયાયી છું. મારી સાથે મતભેદ હોય, એને મેં હંમેશા સન્માન આપવાનો પ્રયત્ન કર્યો છે. મારી સૌથી વધુ નજીકની અને સૌથી વધુ વ્હાલી વ્યક્તિને હું જેટલો સ્નેહઆપું છું. એટલો એને આપ્યો છે.

(૬) જયારે મને શંકાઓ ઘેરી વળે, જયારે મને નિરાશાઓ છાઈ વળે, એને જયારે મને ક્ષિતિજ સુધી જ પ્રકાશનું કોઈ કિરણ જોવા ન મળે; ત્યારે હું ભગવદ્ ગીતા પાસે જાઉં છું. અહીંથી મને કોઈને કોઈ શ્લોક મળી આવે છે. એનાથી મને આશ્વાસન મળે છે. ઘેરી વળેલા દુ:ખો વચ્ચે પણ મને સ્મિત શરૂ થઈ જાયછે.

(૭) 'કોઈક મને મહાત્મા કહે કે મારા ચરણોને સ્પર્શે, એ કાનૂની અપરાધ ગણાશે.' આવો કોઈક ઠરાવ મૂકાય, તો એનું હું સહર્ષ સમર્થન કરીશ.

(૮) જો મારામાં રમૂજવૃત્તિ ન હોત, તો કેટલાય સમય પહેલાં મેં આત્મહત્યા કરી લીધી હોત.

(૯) ચિંતા સિવાય, બીજું કોઈ શરીરને ખતમ કરી નાખનારું નથી. જેને ઈશ્વરમાં શ્રદ્ધા છે. એણે કોઈ પણ પ્રકારની ચિંતા કયારેય પણ કરતા શરમાવું જોઈએ.

(૧૦) હું ગુસ્સાને કાબૂમાં ન રાખી શકું, એવું નથી પરંતુ આવા દરેક સંયોગોમાં, હું મોટેભાગે મારી લાગણીઓને નિયંત્રણમાં રાખી શકુ છું. આ પ્રકારની મથામણ કોઈને પણ વધુ મજબૂત બનાવી શકે છે.



**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧૧) હું કોઈ પરિપૂર્ણ માણસ નથી. પરંતુ તમારો મારે માટે અંધવિશ્વાસ છે. આવા વિશ્વાસને કારણે, તમે મારામાં ખરેખર હોય, એવી ભૂલો પણ જોઈ શકતા નથી.

(૧૨) કોઈ પણ વ્યક્તિ, મને સમજ્યા વગર અનુસરે, તે મને ન ગમે.

(આધાર સ્થાન : ધી એસેન્શિયલ ગાંધી - લૂઈશ ફિશર, વિન્ટેજ બૂક્સ, એ ડિવિઝન ઓફ રેન્ડમ હાઉસ, ન્યૂયોર્ક, ૨૦૦૨, બીજી આવૃત્તિ, પૃ. ૨૭+૩૩૯)

# કોણાર્કનું પ્રસિદ્ધ મંદિર કયાં આવેલું છે?



**ખજાનો**
અનિલ પટેલ

### ભારતની ભૂગોળ

૧ નિઝામ સાગર બંધ કઈ નદી પર છે ?
(અ) ગોદાવરી (બ) કૃષ્ણા
(ક) કાવેરી (ડ) સતલજ

૨ ભારતમાં સૌપ્રથમ સૂર્યોદય કયા રાજયમાં થાય છે ?
(અ) મેઘાલય (બ) મણીપુર
(ક) અરુણાચલ (ડ) આસામ

૩ કોણાર્કનું પ્રસિદ્ધ મંદિર કયાં આવેલું છે?
(અ) તમિલનાડુ (બ) આંધ્રપ્રદેશ
(ક) ઓરિસ્સા (ડ) કેરલ

૪ કાંચનજંગા અભ્યારણ્ય કયા રાજયમાં આવેલું છે?
(અ) અરુણાચલ પ્રદેશ (બ) સિક્કિમ
(ક) મણીપુર (ડ) નાગાલેન્ડ

૫ ભારતનું સૌથી મોટું ઈન્ડિયન મ્યુઝિયમ કયાં આવેલું છે?
(અ) દિલ્હી (બ) હૈદરાબાદ
(ક) મુંબઈ (ડ) કોલકાત્તા

૬ પ્રસિદ્ધ શાલીમાર બાગ કયાં આવેલો છે ?
(અ) શ્રીનગર (બ) જમ્મુ
(ક) હેલહાઉસ (ડ) દિલ્હી

૭ ઉત્તર ભારતનું કયું ધાર્મિક સ્થળ ઈશ્વરનું પ્રવેશદ્વાર કહેવાય છે ?
(અ) બદ્રીનાથ (બ) કેદારનાથ
(ક) હરીદ્વાર (ડ) દિલ્હી

૮ ભારતમાં કયા રાજયમાં સૌથી વધુ જિલ્લાઓ છે ?
(અ) ઉત્તરપ્રદેશ (બ) બિહાર
(ક) મહારાષ્ટ્ર (ડ) પ. બંગાળ

૯ પણજી કયા પ્રદેશનું પાટનગર છે?
(અ) આંદામાન - નિકોબાર (બ) ગોવા
(ક) લક્ષદ્વીપ (ડ) દાદરાનગર હવેલી

૧૦ લોનાર સરોવર કયાં આવેલું છે?
(અ) રાજસ્થાન (બ) કર્ણાટક
(ક) મહારાષ્ટ્ર (ડ) આંધ્રપ્રદેશ

૧૧ જમશેદપુર કઈ નદીના કિનારે આવેલ છે ?
(અ) સુવર્ણરેખા (બ) રેવતી
(ક) ગંગા (ડ) યમુના

૧૨ જાણીતો બેલૂર મઠ કયાં આવેલો છે ?
(અ) બિહાર (બ) પ. બંગાળ
(ક) ઉત્તરપ્રદેશ (ડ) આંધ્રપ્રદેશ

૧૩ ડફ કયા રાજયનું લોકનૃત્ય છે?
(અ) પંજાબ (બ) રાજસ્થાન
(ક) ઉત્તરાંચલ (ડ) હરિયાણા

૧૪ ભારતમાં સૌથી વધુ વહાણવટુ કઈ નદીમાં થાય છે ?
(અ) હુગલી (બ) બ્રહ્મપુત્રા
(ક) ક્રિષ્ણા (ડ) કાવેરી

૧૫ નૈનિતાલ કયા રાજયમાં આવેલ છે ?
(અ) હિમાચલ (બ) ઉત્તરપ્રદેશ
(ક) ઉત્તરાંચલ (ડ) બિહાર

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- ૨૯ જાન્યુઆરી :
  - ઓલમ્પિક સિલ્વર મેડાલિસ્ટ કર્નલ રાઠોડનો જન્મદિવસ (૧૯૭૦)
  - નિર્બળ સ્ત્રીઓ માટે લડનાર વિરાંગના ચારુમતી રામપ્રસાદ યોદ્ધાનું નિધન (૧૯૮૧)
  - જર્મન મિકેનિકલ એન્જિનિયર કાર્લ બેન્ઝે ઈન્ટર્નલ કમ્પલ્શન એન્જીનની પેટન્ટ કરાવી (૧૮૮૬)
  - સર સ્ટેમ્ફર્ડ રાફેલએ સિંગાપોરમાં પોર્ટની શરુઆત કરી (૧૮૧૯)
- ૩૦ જાન્યુઆરી : શહીદ દિન / વિશ્વ કસ્ટમ દિવસ / કુષ્ઠરોગ નિવારણ દિવસ
  - મહાત્મા ગાંધીની પુણ્યતિથિ (૧૯૪૮)
  - પૂર્વ અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ફ્રેન્કલીન રૂઝવેલ્ટનો જન્મદિવસ (૧૮૮૨)
  - જર્મનીની વિલ્હેમ ગસ્ટલોફ નામની સબમરીન ડૂબતા ૯૦૦૦ જેટલા લોકોનાં મોત થયા (૧૯૪૫)
  - જર્મનીના રાષ્ટ્રપ્રમુખ પદે એડોલ્ફ હિટલરે શપથ લીધા (૧૯૩૩)
- ૩૧ જાન્યુઆરી :
  - જાણીતા અમેરિકન એટલેટ્સ જોકીન રોબિન્સનો જન્મદિવસ (૧૯૧૯)
  - રૂપેરી પડદાની સિંગિંગ સ્ટાર સુરૈયાનું નિધન (૨૦૦૪)
  - ચંદ્રની ધરતી પર સોફ્ટ લેન્ડીંગ માટે રશિયાએ લ્યુના-૬ નામનું સ્પેસ ક્રાફ્ટ લોન્ચ કર્યું (૧૯૬૬)
  - અમેરિકાએ પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ એક્સપ્લોલર પ્રક્ષેપિત કર્યો (૧૯૫૮)
- ૧ ફેબ્રુઆરી :
  - અમેરિકન સ્પેશ સટલ કોલંબીયા દુર્ઘટનાગ્રસ્ત થયું જેમાં કલ્પના ચાવલા સહિત સાત અવકાશયાત્રીઓનું નિધન થયું (૨૦૦૩)
  - રશિયાના પૂર્વ પ્રેસિડન્ટ બોરીસ યેલ્ટશીનનો જન્મદિવસ (૧૯૩૧)
  - અમેરિકન લેખક લેન્ગસ્ટન હૂઝનો જન્મદિવસ (૧૯૦૨)
  - ઓકસફર્ડ ઈંગ્લીશ ડીરેકટરીના ૧૦ વોલ્યુમ પ્રકાશિત થયા (૧૮૮૪)
- ૧ ફેબ્રુઆરી :
  - આફ્રીકન નેશનલ કોંગ્રેસ ઉપર લગાડવામાં આવેલ પ્રતિબંધ ૩૦ વર્ષ પછી હટાવામાં આવ્યો (૧૯૯૦)
  - વિશ્વનું મોટું ન્યૂયોર્ક ગ્રાન્ટ રેલવે સ્ટેશન ખુલ્લું મુકાયું (૧૯૩૧)
  - ઈદી અમીને પોતાને યુગાન્ડાનો રાષ્ટ્રપ્રમુખ જાહેર કરી સત્તા સંભાળી (૧૯૭૧)
  - મહારાષ્ટ્ર સાહિત્યકાર શ્રીધર વ્યંકટેશ કેતકરનો જન્મદિવસ (૧૮૮૪)
- ૩ ફેબ્રુઆરી :
  - રિઝર્વ બેન્કમાં ગર્વનર અને અર્થશાસ્ત્રીની રઘુરામ રાજનનો જન્મદિવસ (૧૯૬૩)
  - જર્મન મ્યુઝિશીયન અને કમ્પોઝર ફેલીક્સ મેન્ડેલસનનો જન્મદિવસ (૧૮૦૯)
  - અમેરિકન અવકાશયાત્રી એલીન કોલીન ડીસ્કવરી સ્પેશ શટલના પ્રથમ મહિલા પાયલોટ બન્યા (૧૯૯૫)
  - અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ વુડ ડ્રો વિલ્સનનું અવસાન થયું (૧૯૨૪)
- ૪ ફેબ્રુઆરી :
  - શ્રીલંકાનો રાષ્ટ્રીય દિવસ (૧૯૪૮)
  - અમેરિકન સિવિલ રાઈટસ એક્ટીવીસ્ટ રોસા પાર્કનો જન્મદિવસ (૧૯૧૩)
  - ૨૫ વર્ષ સુધી કેન્યાના રાષ્ટ્રપ્રમુખ તરીકે સેવા આપનાર ડેનિયલ આરાપ મોઈનું અવસાન (૨૦૨૦)
  - ફેસબુકનું લોન્ચીંગ થયું (૨૦૦૪)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

હાલના કેન્દ્ર સરકારના કૃષિ મંત્રી કોણ છે ? જવાબ : નરેન્દ્રસિંહ તોમર

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**


(૧) રૂચિત રાવલ : સે-૭ડી (૨) પંકજ આર પટેલ : રાજધાની સોસા. (૩) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૪) મહેશ જાદવ : રાયસણ (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) નટુભાઈ દરજી : પેથાપુર (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ

**આ સપ્તાહનો સવાલ**

કિસાન આંદોલન દરમિયાન લાલ કિલ્લા પર ધાર્મિક ધ્વજ ફરકાવવાનો આરોપ કોના પર લાગ્યો છે ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# જીવનમાં વિધ્યા ન હોય તો છતી આંખે અંધાપો છે: આઈ શ્રી સોનલમાં



**જીવન ચરિત્ર**
સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

રાજુલાના મજાદર કાગધામ ખાતેની રામકથામાં પૂ.મુરારીબાપુએ સૌરાષ્ટ્રના ૧૪ માનવરત્નોમાંના એક માનવ રત્ન એવા આઈશ્રી સોનલમાને યાદ કર્યા. સ્વામિનારાયણ સંપ્રદાયના આધારસ્તંભો પૂ. બ્રહ્માનંદ સ્વામી, પૂ. દેવાનંદ સ્વામી અને પૂ. પૂર્ણાનંદ સ્વામી જન્મ્યા હતા તે ચારણકુળમાં સં. ૧૯૮૦, પોષ સુદ બીજના રોજ જૂનાગઢના કેશોદ તાલુકાના મઢડા ગામે તેમનો જન્મ. સોનલમાને સૌ 'આઈમા' કહેતા. લાલ જીમી, રેશમી કાપડું, શરીર ઉપર જીણી લાલ ઓઢણી, વાંકડીયા વાળ, ખભા ઉપર કાળી ઉનનો ભેળિયો, પગમાં કાંબીયું અને હાથમાં સરલ, એ આઈમાનો પહેરવેશ. રામકૃષ્ણ પરમહંસે 'ભાવ' દ્વારા જ પંડે ભગવાન સાધેલા તેમ 'જન્મજાત આત્મજ્ઞાની' એવા આઈમાને શિવમય બનીને જગવલ્લભા બનતા વાર ન લાગી. મહાત્માઓ, સંતો, તપસ્વિઓ સાથે સત્સંગ, ભારતભરના પવિત્ર તીર્થસ્થાનોના દર્શન, ધ્યાન અને દાન, ધર્મગ્રંથોના વાંચનને પરિણામે ધર્મ અને પરમેશ્વર વિશેનું ગાઢ અને પ્રત્યક્ષ જ્ઞાન. બારે માસ અને બત્રીસ ઘડી બસ સમાજહિતનું ચિંતન...

સૌરાષ્ટ્રની ધૂળથી ખરડાયેલા આઈમાએ વિચાર્યું કે: ' ઉધારાં લીધેલાં સ્વજનો કરતાં ભક્તિભાવવાળાં અને કુદરતી પ્રેમવાળાં સ્વજનોની નિકટમાં રહેવું, એ વધારે સારૂ છે. ક્ષ અને તેથી જ તેઓ હરદ્વારમાં સ્થાયી ન થતાં સૌરાષ્ટ્રમાં આવી ગયા. કેવળ અનુભવની કેળવણી ધરાવતાં આઈમા કોઈ મોટા ભાષાશાસ્ત્રી કે સાહિત્યકાર ન હતાં. પણ તેમની પાસે સાત્વિક યોજનાઓ અને સાહસી વિચારો હતાં.

ટોફલરે કહ્યું છે તેમ- 'નવી સંસ્કુતિના સર્જન માટે તો સમસ્ત પ્રજાની સમગ્ર શક્તિ લાગવી જોઈએ. તે થઈ શકે તો એક પ્રબળ ઊર્જાસ્ત્રોત આપણા હાથમાં આવે. માટે વાતને સીધી પ્રજા સમક્ષ લઈ જવી જોઈયે, સમસ્ત આમપ્રજા નવી સંસ્કુતિની નવરચનાની આ રોમાંચક પ્રક્રિયામાં સામેલ થવી જોઈયે. 'નવસર્જન માટે ચારણોની એકતા એજ એમનો ઊર્જાસ્ત્રોત છે એમ જાણતાં આઈમાએ વિચાર્યુ કે નેશનલ - હાઈ વે દ્વારા આ ઊર્જાસ્ત્રોત સુધી નહીં પહોંચાય. તેને માટે તો જન-જન સુધી પહોંચતી કરોડો પગદંડીઓ ખૂંદી લોકોની વચ્ચે જઈ તેમની સાથે સમરસ થવું પડશે, જાગ્રુતિ આણવી પડશે. અને એ માટે સમગ્ર ગુજરાત- રાજસ્થાનનો પ્રવાસ કરી લોકોને અટલ સંવાદિતા અને સચ્ચાઈનું જતન કરવાનો ઉપદેશ આપ્યો.

સોની, ચારણો, મેર, મહિયા, ક્ષત્રિયો અને બીજાં સર્વેના ઉત્કર્ષ માટે અનેકવિધ પ્રવ્રુતિ શરૂ કરી. સમાજના ઉત્થાન માટે ભણતરનો રાહ બતાવી કન્યા કેળવણીને પ્રોત્સાહન આપ્યું. તેઓ કહેતાં: 'જીવનમાં વિધ્યા ન હોય તો છતી આંખે અંધાપો છે. ક્ષ પોતાનો દિકરો ન ભણે તો બીજાના દિકરાને ભણાવી તેનું જીવન સુધારવા કહેતાં. કન્યા વિક્રયનો વિરોધ કરતાં આઈમાએ જણાવ્યું કે : ' દિકરીને પાનેતર પહેરાવીને પીળા હાથ કરાવી દેવા, પણ કાવડીઉંય લેવું નહીં...લુહાણા પોતાના આંગણામાં જમાઈના ઘરનો ચોખાનો દાણો પણ પડવા દેતા નથી, ધોળે ધરમે પરણાવે છે અને એ બધા સુખી છે...ખરી રીતે દીકરીના પૈસા લેનારની સંપત્તિ ક્યાંય વધતી જોવામાં આવતી નથી. ઉલટાની ઘટે છે...'

સ્પષ્ટ વિચારો, અસરકારક અને નિર્ભય રીતે ખૂબજ સરળ અને માર્મિક ભાષામાં લોકો સમક્ષ મૂક્યા.

તેઓ એક એવા સમાજ — શાસ્ત્રજ્ઞ હતાં કે જેમનો વ્યાપક વિચાર જીવનના દરેક પાસાને સ્પર્શતો હતો. '...બીજું હું કહેવાતા ચમત્કારોમાં તો માનતી જ નથી. આંખ દેખે છે, કાન સાંભળે છે. નાક સૂંઘે છે એ બધા ચમત્કારો છે ને!પતેમની આવી ઘણી બધી વાતો ધ્રુવ-તારક જેવી અચલ અને સમાજ માટે હોકાયંત્રરૂપ બની છે.

જીવનભર કોઈની પાસેથી પૈસાનું દાન તો ન લીધું અને અપરિગ્રહનું પાલન કરતાં તેમણે બબ્બેવાર પોતાની ઘરવખરી, ચીજવસ્તુંઓ,આભૂષણો વિગેરે ગામમાં ઢોલ વગડાવી ગરીબગરજાઉ માણસોને વહેંચીને પયંગર અને જરથુષ્ટ્રના સખાવત એટલે 'સહ-ખાવત' ની ઉક્તિ સાર્થક કરી.

સરદાર પટેલના અખંડ ભારતના સ્વપ્રને સાકાર કરવા માટે જૂનાગઢ નવાબ, માંગરોળના શેખ, બાંટવાના તાલુકદારો, રાજપૂતો અને ચારણોને પોતાના સ્વતંત્ર ગામ-ગરાસ સાથે જોડાવા ફરજ પાડી. તો માંડવી ખાતે પ્રજાસત્તાકદિને ગાંધીજીના ત્યાગચિત્ર અને ત્યાગ વિશે લોકોને ભાષણમાં સમજાવ્યું કે: 'જૂંપડાવાળાઓને પણ વૈભવ-વિલાસનું આકર્ષણ થયું ,પવેરજેર વધ્યાં..પરિણામ એ આવ્યું કે આપણે બીજાંઓના ગુલામ બન્યા...વિદેશોથી ઉતરી આવેલાઓનો ત્રાસ વધ્યો...પ્રજાનો આત્મા અકળાઈ ઉઠ્યો...ઘા નાખી અને ભગવાને પ્રજાની ઘા સાંભળી અને ગાંધીજી આવ્યા... આજે આપણે સ્વતંત્ર છીએ, તે ગાંધીજીના તપનું પરિણામ છે...ગાંધીજીની જેમ જે જગતમાં જેર પચાવે અને વૈભવ વિલાસોથી અળગા રહે, તે સાચા ત્યાગી કહેવાય....'

અમદાવાદ ખાતે આઈમા જ્યારે આવતાં ત્યારે તેમના સેવકો સામતભાઈ વરસડા અને પાલડી ખાતે એડવોકેટ સોમનાથભાઈ દવે અને તેમના ધર્મ પત્નિ સવિતાબહેનને તો સગાં મા જેવા માનતાં અને 'બા' કહીને બોલાવતા તેમને ત્યાં પધરામણી થતી અને તેમના ઘરે સં. ૨૦૩૧, કારતક સુદ ૧૩, બુધવાર, તા.૨૭, નવેમ્બર, ૧૯૭૪ના રોજ સ્વધામ પ્રયાણ કર્યુ.

(મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧